આતંકવાદ વિરોધી ભારત-ઉઝબેકિસ્તાન સંયુક્ત કાર્યકારી જૂથની 10મી બેઠક

આતંકવાદ વિરોધી ભારત-ઉઝબેકિસ્તાન સંયુક્ત કાર્યકારી જૂથની 10મી બેઠક 22 ઑક્ટોબર 2026 ના રોજ નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલયના અધિક સચિવ (આતંકવાદ વિરોધી) ડૉ. સુહેલ અઝાઝ ખાન અને ઉઝબેકિસ્તાન ગણરાજ્યના વિદેશ મંત્રાલય હેઠળના દક્ષિણ એશિયા, નિકટવર્તી પૂર્વ, મધ્ય પૂર્વ અને આફ્રિકન દેશો સાથે સહકાર વિભાગના વડા શ્રી પીરીમકુલોવ ગુલોમજોન શોડમોનકુલોવિચે કરી હતી.

2. બંને પક્ષોએ વૈશ્વિક સ્તરે તેમજ તેમના સંબંધિત પ્રદેશોમાં આતંકવાદી જૂથો દ્વારા ઊભા કરાયેલા જોખમો અંગે ચર્ચા કરી હતી. બંને પક્ષોએ આતંકવાદનો સામનો કરવાના ક્ષેત્રમાં વર્તમાન અને ઉભરતા પડકારો અંગે વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. તેમાં ઉગ્રવાદ અને કટ્ટરપંથીકરણનો સામનો કરવો, આતંકવાદના ધિરાણ સામે લડત આપવી, આતંકવાદી હેતુઓ માટે ટેક્નોલોજીના ઉપયોગને અટકાવવો તથા આંતરરાષ્ટ્રીય સરહદો પાર કાર્યરત સંગઠિત ગુનાખોરી અને આતંકવાદ વચ્ચેની સાંઠગાંઠનો સામનો કરવો જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. બંને પક્ષો રાષ્ટ્રીય અને પ્રાદેશિક સુરક્ષા સામેના જોખમો અને પડકારોનો સામનો કરવા માટે સહકાર આપવા તથા આતંકવાદનો સામનો કરવા અંગેના ભારત-ઉઝબેકિસ્તાન સંયુક્ત કાર્યકારી જૂથના માળખાને વધુ મજબૂત બનાવવા સંમત થયા હતા.

3. બંને પક્ષોએ માહિતીની આપ-લે, ક્ષમતા નિર્માણ અને શ્રેષ્ઠ પદ્ધતિઓની આપ-લે દ્વારા આતંકવાદનો સામનો કરવાના ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહકારને વધુ મજબૂત બનાવવા માટેનાં પગલાં અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે ભારત અને ઉઝબેકિસ્તાનની સંબંધિત એજન્સીઓ વચ્ચે આતંકવાદ સામેની લડાઈમાં સહકાર વિકસાવવાની સંભાવનાઓ અંગે ચર્ચા કરી હતી. બંને પક્ષોએ સંUN, SCO-RATS અને EAG સહિત બહુપક્ષીય મંચો પર સહકારને મજબૂત કરવાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી.

4. સંયુક્ત કાર્યકારી જૂથની આગામી બેઠક ઉઝબેકિસ્તાનમાં બંને પક્ષોને અનુકૂળ હોય તેવી તારીખે યોજવામાં આવશે.

નવી દિલ્હી

22 ઑક્ટોબર, 2026